# પાલનપુરની જી. ડી. મોદી વિદ્યાસંકુલમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૪

ઈનરવ્હીલ ક્લબ અને જી.ડી. મોદી વિદ્યા સંકુલ અંતર્ગત નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન તા. ૨૫ સપ્ટેમ્બરના રોજ રોટરી ક્લબ પાલનપુર ખાતે કરવામાં આવ્યુંહતું. સ્પર્ધામાંપાલનપુરની તમામ કોલેજો તેમજ જી.ડી. મોદી વિદ્યાસંકુલની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

પાલનપુરની જી.ડી. મોદી વિદ્યાસંકુલમાં આયોજીત આ નિબંધ સ્પર્ધામાં પાલનપુર લૉ કોલેજની એફ.વાય.એલ.એલ.બી.ની વિદ્યાર્થિની કુ. મહેક લોહાણી પ્રથમ ક્રમે તથા જાગૃતિ પ્રજાપતિ તૃતિય ક્રમે વિજેતા બની હતી. ચિત્ર સ્પર્ધામાં ટી.વાય.એલ.એલ.બી.ની વિદ્યાર્થિની કુ. સોનલ ઠાકોર તૃતિય ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

કાર્યક્રમમાં ઈનરવ્હીલ ક્લબના આરતીબેન તેમજ ક્લબના અન્ય સભ્યો, લૉ કોલેજના પ્રિન્સિપાલ મિનલબેન ઉપાધ્યાય, હિરલબેન જોષી, નરેન્દ્રભાઈ તથા બૈશાખીબેન ઉપસ્થિત રહ્યા હતા.

## પાંચ વર્ષ પહેલા ઓન ડ્યુટી ગુમ થયેલો સી.આર.પી.એફ. જવાન ઝડપાયો

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના રહેવાસી એવા ચંદુભાઈ સવજીભાઈ પાંડોર જેઓ પો.સ.ઈ. ૫૮, બટાલીયન ભીમરામ પોલીસલાઈન સી.આર.પી.એફ. દિલ્હી ખાતે સને ૨૦૦૭માં ફરજ ઉપરથી કોઈને કહ્યા વગર જતા રહેલ તેઓનો કોઈ પત્તો ન હતો. પોલીસે પણ તેઓએ ગુમ જાહેર કરેલ હતા. તેઓના પત્ની સવીતાબેન ચંદુભાઈ રહે લીમડા તા. વિજયનગરનાઓએ પણ પોલીસ સ્ટેશનમાં ગુમની સને ૨૦૦૯ સાલમાં જાહેરાત આપેલ. જેઓની સી.આર.પી.એફ.ના માણસો તથા તેમના સગા સંબંધીઓ શોધવા છતાં મળેલ નહી. તેમજ પોલીસને ખાનગી બાતમીના આધારે તપાસ આદરતા ગતરોજ તેઓ એશીયન ટાઈલ્સ કાટવાડ ગામે મહેન્દ્રસિંહ શેખાવતના ટાઈલ્સના ગોડાઉન ઉપરથી સોધી કાઢી સદરીને ડી.આઈ.જી.પી. ગૃપ સેન્ટર સી.આર.પી.એફ. ગાંધીનગર ખાતે સોંપવામાં આવેલ છે.

# સાબરકાંઠા જિલ્લા પુરવઠા વિભાગનો સપાટો

## ૧૧ વ્યાજબી ભાવની દુકાનોની ચકાસણી કરી બે દુકાનોના પરવાના રદ : રૂા. ૧.૬૫ લાખ દંડ વસુલ કર્યા

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા જિલ્લા પુરવઠા અધિકારી ધવલ જાનીની રાહબરી હેઠળ જિલ્લાની ૧૧ સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનોની તપાસણી હાથ ધરતાં તમામ દુકાનોમાં નાની મોટી ગેરરીતીઓ થયાનું માલુમ પડતાં બે દુકાનોના પરવાના રદ કરવાનો હુકમ કર્યો છે. જયારે રૂા. ૧.૬૫ લાખ જેટલો દંડ વસુલ કર્યા છે. જયારે ત્રણ દુકાનોના સંચાલકોને દંડ ઉપરાંત બજાર કિંમત અને વ્યાજબી ભાવની દુકાનની ઈસ્યુ પ્રાઈઝની તફાવતની બમણી રકમની ગણતરી કરી દંડનીય રકમ વસુલ કરવા જે તે મામલતદારને આદેશ કરતાં ગેરરીતીઓ આચરતાં દુકાનદારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

તાજેતરમાં સાબરકાંઠા જિલ્લા પુરવઠા અધિકારી તરીકે ધવલ જાનીએ ચાર્જ સંભાળ્યા બાદ લોકોને સરકારના ધારા ધોરણ મુજબ સરળતાથી રેશનીંગનો જથ્થો મળી રહે તે માટે અસરકારક આયોજન ગોઠવી જિલ્લાની કેટલીક વ્યાજબી ભાવની દુકાનોની ચકાસણી હાથ ધરી હતી જેમાં ભીલોડા તાલુકાના પુનાસણ અને મોડાસા તાલુકાની મોટી ચીચોણ ગામની વ્યાજબી ભાવની દુકાનોમાં ગંભીર ગેરરીતીઓ માલુમ પડતાં આ બંને દુકાનોનાં પરવાના કાયમી ધોરણે રદ કરવાનો નિર્ણય લીધો છે. જયારે ૧૧ દુકાનો સામે દંડનીય કાર્યવાહી કરી રૂા. ૧.૬૫ લાખનો દંડ વસૂલ કર્યા છે. જિલ્લા પુરવઠા અધિકારી ધવલ જાનીની કાળા બજારીયાઓ સામેની લાલ આંખથી દુકાનદારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

### કંઈ દુકાનને કેટલો દંડ કર્યો

| ગામ | જથ્થો સીઝ | દંડ |
|---|---|---|
| ● પુનાસણ (ભિલોડા) | ઘઉં - ૧૦૦ કિ.ગ્રા<br>ચોખા - ૭૦૦ કિ.ગ્રા | ૩૪૪૦૦=૦૦ |
| ● મોટી ચીચોણ (મોડાસા) | ૬૬૦ લી. કેરોસીન<br>૧૬૫ લી. કેરોસીન<br>૨૫૦ ઘઉં | ૭૯,૬૩૮=૦૦<br>(પરવાનો રદ)<br>૨૫૦ ચોખા |
| ● કોડીયાવાડા (વિજયનગર) | જથ્થામાં વધઘટ | ૧૯૯૫૦/- |
| ● બુટાલ (ધનસુરા) | ઘઉં ૩૫૦ કિ.ગ્રા | ૪૭૦૫/- |
| ● જાલોટી (વિજયનગર) | ઘઉં - ૪૦૦ કિ.ગ્રા<br>ચોખા - ૩૦૦ કિ.ગ્રા | ૧૦,૧૦૦/- |
| ● લાંબડીયા (ખેડબ્રહ્મા) | ઘઉં - ૨૦૦ કિ.ગ્રા<br>ચોખા - ૦૫૦ કિ.ગ્રા | ૧૦૫૦/- |
| ● કિશનનગર (ભીલોડા) | કેરોશીન - ૧૦૦ લી<br>૧ બેરલ | ૪૪૫૦/- |
| ● પડુસણ (તલોદ) | ઘઉં - ૩૦૦ કિ.ગ્રા | ૪૭૫૦/- |

તે ઉપરાંત થુરાવાસ (વડાલી), મોચા ચેખલા (તલોદ) અને બોરીયા (તલોદ)ની દુકાનો સમયસર ન ખુલતી હોવાનું માલુમ પડતાં રૂા. ૨૫૦/- પ્રમાણે દંડ કરવામાં આવેલ છે.

# પાલનપુરના જાહેર માર્ગો પર રખડતા ઢોરોનો ત્રાસ

પાલનપુર, તા. ૪

બનાસકાંઠા જિલ્લાના વડામથક પાલનપુર ખાતે જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવની સુચના મુજબ શહેરમાં આડેધડ પાર્કીંગ કરાતા વાહનોના કારણે ટ્રાફીક ચક્કાજામ થવા પામે છે. એક તો શહેરનો વિકાસ કુદકે ને ભુસકે વધતો જાય છે. જયારે ટાઉન પ્લાનીંગ એનો એજ છે. અને આડેધડ દબાણોના કારણે અને શોપીંગોમાં પાર્કીંગ ન હોવાના કારણે માર્ગો સાંકડા બન્યા છે. અને ટ્રાફીકની સમસ્યા દૂર કરવા અને આડેધડ પાર્ક કરાતા વાહનોની સમસ્યા દૂર કરવા માટે ટોઈંગની સાથે ટ્રાફીક પોલીસની ટીમ રાખીને આડેધડ પાર્ક કરાતા વાહનો ડીટેઈન કરીને દંડ વસુલ કરાવવાની ઝુંબેશ શરૂ કરાતા કેટલાક અંશે આડેધડ પાર્ક કરાતા વાહનચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. જ્યારે પોલીસ દ્વારા કડકાઈ કરાતાં ઉકેલ આવી શકતો હોય તો શહેરમાં છેલ્લા ઘણા સમયથી શહેરના વિસ્તોરમાં નવા જાહેર માર્ગો પર દિવસ-રાત આડેધડ માર્ગો પર રખડતા ઢોરો (ગાયો)ના ઝુંડ રસ્તાની ઉપર અડ્ડો જમાવીને બેસી જતાં માર્ગોપર ચાલતા વાહન ચાલકો તથા રાહદારીઓ હાલાકી ભોગવી રહ્યા છે. જ્યારે દિવસ દરમ્યાન વાહનોથી ભરચક શહેરના માર્ગો પર ગાયોના ટોળા આવી જતા તેમજ ગમે ત્યાં બેઠેલ હોવાના કારણે ચક્કાજામ સર્જાય છે. જ્યારે શહેર અંદરના વિસ્તારોમાં ગાયોના ઝુંડ માર્ગો પર બેસી જતા ઘણીવાર સ્ટ્રીટલાઈટો બંધ હોવાના કારણે રાહદારીઓ ઢોરોની અડફેટના ભોગ બને છે. જ્યારે ગોપાલકો તથા પાલીક તંત્ર દ્વારા કોઈપણ કાર્યવાહી કરાવી નથી જ્યારે શહેરમાં પી.આઈ. દેસાઈ તથા જિલ્લા ટ્રાફિકમાં પી.આઈ. રબારી ફરજ નિભાવી રહ્યા છે. આડેધડ પાર્ક કરાતા વાહનો સામે કાર્યવાહી કરીને ઉકેલ લાવ્યો છે તેમ શહેરના માર્ગો પર આડેધડ રખડતા ઢોરોને દૂર કરવાની કાર્યવાહી કરાવે તેવી નગરજનોની માંગ છે.





# પાટણ જિલ્લા માટે વિધાનસભા સામાન્ય ચૂંટણીના અનુસંધાને સામાન્ય જનતા જોગ અપીલ

પાટણ, તા. ૪

મતદારોને લલચાવવા માટે રોકડ રકમ દારૂ કે અન્ય ચીજવસ્તુ ઓનુ મતદારોને વિતરણ કરવુ એ લાંચ રૂશ્વતની વ્યાખ્યામાં આવે છે. અને આ -કારની લાંચ લેવી કે આપવી એ ગુનો છે. જેમાં એક વર્ષ સુધીની જેલની સજા અને દંડ થઈ શકે છે. પાટણ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારોમાં ફ્લાઈંગ સ્કવોર્ડસની રચના કરાયેલ છે.

જે જિલ્લાના તમામ વિધાનસભા મતદાર વિભાગોમાં ચૂંટણી દરમ્યાન રોકડ રકમ,દારૂ કે અન્ય ચીજ વસ્તુઓના વિતરણ પર ચોંપતી નજર રાખશે.

આથી સર્વને અનુરોધ કરવામાં આવે છે કે, જે કોઈ વ્યકિત કોઈપણ વિધાનસભા મતદાર વિધાગમાં મોટી માત્રામાં રોકડ રકમ લઈને જતી હોય તેઓએ તેની સાથે નીચે દર્શાવેલ દસ્તાવેજી પુરાવાઓ રાખવા જેથી નાણાંના સ્ત્રોત તથા કયા હેતુ માટે આ નાણાં વાપરવામાં આવનાર છે તેની પણ જાણકારી મળી શકે અને ફ્લાઈંગ સ્કવોર્ડસ દ્વારા નાણાંની જપ્તીની કાર્યવાહીમાંથી બચી શકાય.

દસ્તાવેજી પુરાવાઓ (૧) પાન કાર્ડની નકલ.(જો હોય તો) (૨) વેપારી કે ધંધાદારી સંસ્થાનુ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ(જો હોય તો) (૩) બેંક પાસબુક/બેંક સ્ટેટમેન્ટની નકલ.(ઉપાડવામાં આવેલ નાણાં વિગતો સાથે) (૪) કેશબુકની નકલ. (જેમાં નિયમિત નાણાંકિય વ્યવહારો થતા હોય તેવાવેપાર/ધંધાઓ વગેરે માટે) (૫) જે હેતુ માટે રોકડ નાણાંનો ઉપયોગ થનાર છે તેનો પુરાવો જેમ કે લગ્નનું આમંત્રણ, હોસ્પિટલમાં સારવાર વગેરેની નોંધ લેવા જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટરશ્રી જે.જી.હીંગરાજીયાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# તોફાનો બાદ કોટ વિસ્તારમાં હજુ પણ અજંપા ભરી શાંતિ

અમદાવાદ,તા.૪

અમેરીકામાં બનેલી ફિલ્મ ઈનોસન્સ ઓફ મુસ્લીમના વિરોધમાં છેલ્લા ચાર દિવસોથી મુસ્લીમ વિસ્તારોમાં ચાલી રહેલી ચહલપહલ ગઈ કાલે લોહિયાળ બની હતી. જેમાં ઉશકેરાયેલા કોમી ટોળાએ પોલીસને શિકાર બનાવી હતી અને પોલીસ પર પથ્થરમારો કરી વ્હીકલ-ચોકી સળગાવી દીધી હતી.

જો કે, ત્યાર બાદ પોલીસ હરકતમાં આવતા ૧૦૦ જેટલા તોફાનીઓની ધરપકડ કરતા મામલો થાળે પડ્યો હતો. બીજી તરફ તોફાનો બાદ આજે સવારથી જ કોટ વિસ્તારમાં અજંપા ભરી શાંતી નજરે પડતી હતી. તોફાનો બાદ મોડી સાંજથી જ પોલીસ નાસ-ભાગ કરતી હતી અને આખી રાત કોટ વિસ્તારમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસે ખાસ તકેદારી રાખી જુદા જુદા વિસ્તારમાં ફરી રહી હતી. પોલીસ આખી રાત્રી શહેરનાકોમી ગણાતા વિસ્તારમાં બનોદબસ્ત સાથે ગોઠવાઈ ગઈ હતી.

મોડી સાંજે એસઆરપી અને આરપીએફ જવાનોની એક ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી. પોલીસે લાલદરવાજાથી માંડી રિલીફ રોડ પર ફ્લેગ માર્ચ કરી હતી જેના કારણે કરફ્યુ જેવો માહોલ સર્જાયો હતો.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

# રીક્ષા લઈ મોબાઈલો ચોરવા નિકળતી ગેંગ ઝડપાઈ

## ગેંગ રાત્રે ઘરની બહાર ખાટલા ઢાળીના સૂતેલા લોકોના મોબાઈલો સરકાવી જતી હતી

હિંમતનગર, તા.૪

હિંમતનગર એલ.સી.બી. પોલીસે હિંમતનગરના મહેતાપુરા એનજી સર્કલ પાસેથી ગત રોજ બાતમીના આધારે ઓટો રીક્ષા લઈ ચોરી કરવા આવનાર ગેંગના ૩ શખ્સોની ધરપકડ કરી તેમની પાસેથી કુલ રૂ. ૫૩,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ અંગે વધુ તપાસ હિંમતનગર પોલીસે હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ આજથી અંદાજે ૬ એક દિવસ પહેલા સંજરનગર પતરાવાળી મસ્જીદ પાસે મકાન આગળ ખુલ્લામાં સુતેલા માણસોના ખાટલાના ઓશીકા પાસે મુકેલ મોબાઈલ ફોનની તથા એક મોટર સાઈકલની ચોરી થવા પામી હતી. જે ચોરી કરનાર માણસો ઓટો રીક્ષા લઈ ચોરી કરવા આવ્યા હતા અને આજે ઓટોરીક્ષામાં ચોરી કરેલ મોબાઈલ વેચવા હિંમતનગર ન્યાયમંદિર આવનાર છે તેવી ખાનગી બાતમીના આધારે આજે સાબરકાંઠા એલ.સી.બી.ના સ્ટાફના માણસો દ્વારા વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી સ્થળે હકીકતવાળી રીક્ષા નં. જીજે-૯-ઝેડ-૫૩૧૭ને થોભાવી તપાસ કરતા તેમાં બેઠેલા ત્રણ ઈસમોની પુછપરછ કરતા પોલીસ સમક્ષ મોબાઈલ અને મોટર બાઈકની ચોરીની કબૂલાત કરી હતી. પોલીસે હાલ સુલતાન ઉર્ફે બાદશાહ મકવા (રહે વિજાપુર), અહેમદમીયા જહાંગીરમીયા સૈયદ (રહે. કિફાયતનગર સવગઢ હિંમતનગર) અને અનિલકુમાર શનાજી ઠાકોર (રહે. વિજાપુર)ની અટકાયત કરી ચોરી કરેલા મોબાઈલ નં.૨ કિંમત રૂ. ૩૦૦૦ અને કરીશ્મા બાઈકકિં. રૂ. ૫૦,૦૦૦નો મુદ્દામાલ રીકવર કર્યો હતો અને હિંમતનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## એન. જી. જોષી હાઈસ્કુલનું ગૌરવ

હિંમતનગર, તા. ૪

ગુજરાત રાજય યુવા અને સાંસ્કૃતિ વિભાગ આયોજીત અંડર-૧૯ સિનિયર વિભાગ (બહેનો)ની સ્પર્ધા તાજેતરમાં જુનાગઢ મુકામે યોજાઈ હતી. જેમાં હિંમતનગર તાલુકાના રાઢગઢ ગામની એન.જી. જોશી હાઈસ્કુલની બહેનોએ રાજયમાં તૃતીય ક્રમ હાંસલ કરી ગૌરવ અપાવ્યું હતું. શાળા સમાજ અને જિલ્લાનું પ્રતિનિધત્વ કરી ગૌરવ અપાવવા બદલ શાળાના આચાર્ય આર.એન. પટેલ, કેળવણી મંડળના સભ્યો, વ્યાયામ શિક્ષક યોગેશ પટેલ સહિત સર્વેએ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન :- ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ :- ૨૩૨૩૦૫૭૧

# ડીસા શેહરમાં ટ્રાફીકની જટીલ સમસ્યા જીલ્લા પોલીસ વડા તાકીદે તપાસ કરાવશે...?



ડીસા, તા. ૪

ડીસા શહેરમાં છેલ્લા કેટલાય સમયથી ટ્રાફીક ની સમસ્યા દિન પ્રતિદીન વધતી જતી હોવાની બુમ ઉઠી છે. ટ્રાફીક પોલીસ માત્ર અને માત્ર હપ્રા ઉઘરાવવા માં રચ્યા પચ્યા હોવાની ચર્ચાઓ થવા લાગી છે.

ડીસા શહેના તમામ મહત્વના રોડ ઉપર દિવસે દિવસે વહાનોનો વધારો થતા ટ્રાફીક ની સમસ્યા જટીલ બનતી જાય છે. પોલીસ તંત્ર જાણે કુંભ કરણ ની નીંદ્રા માં હોય તેવું જનતા ને લાગી રહ્યુ છે. દરેક સર્કલ ઉપર આવી જટીલ સમસ્યાઓ અવાર નવાર સર્જાય છે.

જીલ્લા પોલીસ વડા શ્રી ડીસા શહેરમાં ટ્રાફીક ની જટીલ સમસ્યા માટે તાકીદે વ્યવસ્થા ગોઠવી દરેક પોઈન્ટ પર ટ્રાફીક પોલીસ ની હાજરી અચુક હોવી જોઈએ. એક કે બે કલાક માટે ટ્રાફીક પોલીસ દેખાયા પછી ગુમ થઈ જાય છે. તે પછી હપ્તા લેવાની લાહ્ય માં આમ તેમ ફરતી હોવાનું લોક મુખે ચર્ચાય છે.

તો જીલ્લા પોલીસ વડા શ્રી ડીસા શહેરની ટ્રાફીક ની જટીલ સમસ્યા માટે સવાર થીજ ટ્રાફીક પોલીસ હાજર રહે અને ટ્રાફીક ની સમસ્યા હળવી કરવા માટે હાજર રહે તેવી લોક માંગ ઉઠી છે.આ માટે પોલીસ તંત્ર સજાગ બનાવી ટ્રાફીક ની સમસ્યા દુર કરે તેવી લોક લાગણી પ્રસરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી (ન.યો.) રાધનપુર-૧, દ્વારા

## જાહેરનામું

જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)

| અ.નં. | જિલ્લો | તાલુકો | ગામ | કેસ નંબર | જાહેરનામા ક્રમાંક | તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧. | પાટણ | સાંતલપુર | કોરડા | ૨૭૮/૧૨ (રા-૧ નં-૨૨૮) | નાકન/જસ/કલમ-૬ રા-૧/૨૧૩/૨૦૧૨ | ૨૪/૯/૧૨ |
| ૨ | પાટણ | સાંતલપુર | ફાંગલી | ૨૭૯/૧૨ (રા-૧, ન-૨૨૯) | નાકન/જસ/કલમ-૬ રા-૧/૨૧૪/૨૦૧૨ | ૨૪/૯/૧૨ |
| ૩ | પાટણ | સાંતલપુર | ફાંગલી | ૨૮૦/૧૨ (રા-૧, ન-૨૩૦) | નાકન/જસ/કલમ-૬ રા-૧/૨૧૫/૨૦૧૨ | ૨૪/૯/૧૨ |

નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી (નર્મદા યોજના) રાધનપુર-૧, રાધનપુરના જાહેરનામા

| અ.નં. | જિલ્લો | તાલુકો | ગામ | કેસ નંબર | જાહેરનામા ક્રમાંક | તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧. | પાટણ | સાંતલપુર | કોરડા | ૨૭૮/૧૨ (રા-૧ ન-૨૨૮) | નાકન/જસ/કલમ-૪ રા-૧/૨૧૨/૨૦૧૨ | ૩૧/૭/૧૨ |
| ૨ | પાટણ | સાંતલપુર | ફાંગલી | ૨૭૯/૧૨ (રા-૧, ન-૨૨૯) | નાકન/જસ/કલમ-૪ રા-૧/૨૧૩/૨૦૧૨ | ૩૧/૭/૧૨ |
| ૩ | પાટણ | સાંતલપુર | ફાંગલી | ૨૮૦/૧૨ (રા-૧, ન-૨૩૦) | નાકન/જસ/કલમ-૪ રા-૧/૨૧૪/૨૦૧૨ | ૩૧/૭/૧૨ |

અન્વયે એવું નિર્દિષ્ટ કરવામાં આવ્યું હતું કે, તેની સાથેની અનુસુચિ-૧ થી ૩માં દર્શાવેલ જમીનો (તે પછી જેનો ઉલ્લેખ 'જમીનો' તરીકે કર્યો છે) તે સાથેની અનુસુચિમાં જણાવેલ સાર્વજનિક હેતુ માટે જરૂરી બનવાનો સંભવ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના જાહેરનામા નંબર - ધમ/૧૦/૫૭/મ/અધિકા/પરચ/૨૦૧૦/૮૩૨/લ-૧, તા. ૨૬-૮-૨૦૧૦ અન્વયે જમીન સંપાદન ધારાની કલમ-૫૨ (એ) અન્વયે આપવામાં આવેલી સત્તા અન્વયે નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી (નર્મદા યોજના) રાધનપુર-૧ને ખાસ જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)ની કલમ-૫ (ક) વિચારણામાં લીધા બાદ એવી ખાતરી થઈ છે કે, હિત સંબંધ ધરાવતા ઈસમો તરફથી કોઈ વાંધો લેવામાં આવેલ નથી. અને ઉક્ત જમીનો આ સાથેની અનુસુચિમાં દર્શાવેલ સાર્વજનિક હેતુ માટે જરૂરી છે.

આથી ઉક્ત અધિનિયમની કલમ-૬ની જોગવાઈઓ અન્વયે એવું જાહેર કરવામાં આવે છે કે, ઉક્ત જમીનો આ સાથેની અનુસુચિમાં દર્શાવેલ સાર્વજનિક હેતુ માટે જરૂરી છે.

તા. ૨૬મી ઓગષ્ટ-૨૦૧૦ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા નંબર-ધમ/૧૦/૫૭/મ/અધિકા/પરચ/૨૦૧૦/૮૩૨/લ-૧, જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ (સને ૧૮૯૪ના ૧લો)ની કલમ-૫૨-ક તથા કલમ-૩ના ખંડ (ગ) સાથે વાંચતાં, તે અન્વયે ઉક્ત જમીનો અંગે હવે પછી હાથ ધરવાની થતી બધી કાર્યવાહીઓ બાબતમાં કલેક્ટરની ફરજો બજાવવા માટે નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી (નર્મદા યોજના) રાધનપુર-૧, રાધનપુરને નીમવામાં આવેલ છે.

ઉક્ત જમીનનો નકશો નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીની કચેરી (ન.યો.) રાધનપુર-૧, નર્મદા વહીવટી સંકુલ, લેબોરેટરી બિલ્ડીંગ નં.૬, રાધનપુર, જીલ્લો - પાટણ કચેરી સમય સમય દરમિયાન તપાસી શકાશે.

### અનુસૂચિ-૧

જીલ્લો : પાટણ તાલુકો : સાંતલપુર ગામ : કોરડા કેસ નં. ૨૭૮/૧૨ (રા-૧, ન-૨૨૮)
હેતુ : કચ્છ બ્રાન્ચ કેનાલની બામરોલી બ્રાન્ચ ડીસ્ટ્રીબ્યુટરીની કોરડા બ્રાન્ચ માઈનોરના બાંધકામ માટે.

| અ.નં. | સર્વે/બ્લોક નંબર | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી. | અ.નં. | સર્વે/બ્લોક નંબર | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી. |
|---|---|---|---|---|---|
| (૧) | ૪૭૦ | ૦૦-૧૧-૮૮ | (૭) | ૩૧૭પૈકી<br>પે.મા | ૦૦-૦૯-૧૪<br>૦૦-૦૦-૯૪ |
| (૨) | ૩૫૪ | ૦૦-૦૭-૧૯ | (૮) | ૩૦૩ | ૦૦-૧૪-૨૦ |
| (૩) | ૩૫૩ | ૦૦-૦૦-૧૭ | (૯) | ૩૧૯ | ૦૦-૨૦-૨૦ |
| (૪) | ૩૧૪ | ૦૦-૧૧-૩૯ | (૧૦) | ૩૦૧<br>પે.મા. | ૦૦-૨૪-૯૮<br>૦૦-૦૧-૦૭ |
| (૫) | ૩૧૫ | ૦૦-૧૦-૮૨ | (૧૧) | ૩૦૦ | ૦૦-૦૨-૧૪ |
| (૬) | ૩૧૬ | ૦૦-૦૯-૬૦ | | કુલ | ૦૧-૨૩-૭૨ |

### અનુસૂચિ-૨

જીલ્લો : પાટણ તાલુકો : સાંતલપુર ગામ : ફાંગલી કેસ નં. ૨૭૯/૧૨ (રા-૧, ન-૨૨૯)
હેતુ : કચ્છ બ્રાન્ચ કેનાલની પાટણકા ડીસ્ટ્રીબ્યુટરીના બાંધકામ માટે

| અ.નં. | સર્વે/બ્લોક નંબર | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી. | અ.નં. | સર્વે/બ્લોક નંબર | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી. |
|---|---|---|---|---|---|
| (૧) | ૧૦૩ | ૦૦-૧૮-૦૭ | (૫) | ૧૦૮ | ૦૦-૧૦-૨૪ |
| (૨) | ૧૦૫ | ૦૦-૧૨-૧૩ | (૬) | ૧૪૬ | ૦૦-૨૭-૦૧ |
| (૩) | ૧૦૬ | ૦૦-૦૬-૨૮ | (૭) | ૧૪૪ | ૦૦-૧૬-૪૪ |
| (૪) | ૯૯ | ૦૦-૦૬-૭૦ | | કુલ : | ૦૦-૯૬-૮૭ |

### અનુસૂચિ-૩

જીલ્લો : પાટણ તાલુકો : સાંતલપુર ગામ : ફાંગલી કેસ નં. ૨૮૦/૧૨ (રા-૧, ન-૨૩૦)
હેતુ : કચ્છ બ્રાન્ચ કેનાલની પાટણકા ડીસ્ટ્રીબ્યુટરીની પાટણકા માઈનોર-૧ના બાંધકામ માટે.

| અ.નં. | સર્વે/બ્લોક નંબર | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી. | અ.નં. | સર્વે/બ્લોક નંબર | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી. |
|---|---|---|---|---|---|
| (૧) | ૧૦૬ | ૦૦-૦૬-૯૮ | (૪) | ૧૪૬ પૈકી | ૦૦-૦૨-૩૫ |
| (૨) | ૧૦૮ | ૦૦-૦૬-૬૮ | (૫) | ૧૪૪ | ૦૦-૦૯-૯૦ |
| (૩) | ૧૪૬ પૈકી | ૦૦-૧૧-૪૩ | | કુલ | ૦૦-૩૭-૩૪ |

(ડી. કે. ધનોલા)
નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી
નર્મદા યોજના રાધનપુર-૧, રાધનપુર

નામાનિ/પાટણ/૩૯૨/૨૦૧૨-૧૩